# ઈશ્વરે પ્રાર્થના સાંભળી સિંહોના બંધ કર્યા.

**પ્રાર્થના :** ''વહાલા બાપ, બાળકોને વિશ્વાસુપણે પ્રાર્થના કરવાનું માટે શીખવવા માટે આ અભ્યાસ ને કૃપા કરી વાપરો.

હાલની જરૂરિયાત અને બાળકોની વય પ્રમાણે શિખવવા પ્રવૃતિઓ પસંદ કરો.



**દાનિયેલ અને સિહો** : દાનિયેલ ૬ઠ્ઠા અધ્યાયની વાર્તા શિક્ષક અથવા મોટો બાળક વાંચી અથવા યાદ કરી કહે. દાનિયેલે ઈશ્વરને કરેલી પ્રાર્થનાનો જવાબ ઈશ્વરે દાનિયલને સિંહોનો ભક્ષ બનતા અટકાવીને આપ્યો.

**પૂછો :** (દરેક સવાલ પછી જવાબ આપ્યા છે).

૧. રાજાના અમલદારો દાનિયેલની ઈર્ષા કેમ કરતા હતા ? (કલમ ૩ જુઓ).
૨. પ્રાર્થના અંગેનો નવો કાયદો કરવાનુ રાજાના અમલદારો રાજાને કેમ કહેતા હતા ? (કલમ -૫)
૩. રાજાના નવા કાયદા વિષે સાંભળ્યા પછી દાનિયેલે શું કર્યુ (કલમ - ૧૦)
૪. દાનિયેલ સિંહોના બિલમાં હતો તે રાત્રે રાજાએ શું કર્યુ (કલમ-૧૮)
૫. દેવે દાનિયલને કેવી રીતે સિંહોથી બચાવ્યો (કલમ-૨૨)
૬. દાનિયલનો સિંહોથી થયેલ બચવા બાદ રાજા એ કયો નવો કાયદો ઘડયો ? (કલમ -૨૬)

ભજનસેવામાં મંડળીના આગેવાનો સાથે નાટક રજુ કરવની **ગોઠવણ કરો** બાળકોને સારી રીતે તૈયાર કરો.

વાર્તાના આ પ્રસંગનુ **નાટય રૂપાંતર કરો** (દાનિ-૬)

**મોટો બાળક** અથવા સભ્યો આ પ્રમાણે પાત્રો ભજવે

**ઉદ્‌ઘોષક** : વાર્તા ટુંકમાં કહે બાળકોએ શું કહેવું અને શું કરવું તે માટે મદદ કરે.

**રાજા** : ''રાજા રાજ કરે છે'' એવો કાગળ રાખે

**દાનિયેલ**

**નાના બાળકો** આ પ્રમાણે પાત્રો ભજવે

**રાજાના અમલદારો :** રાજાનો હુકમ લખેલો કાગળ રાખે.

**સિંહો** : બે હાથ અને બે પગથી ચાલે અને ઘુરકિયા કરે

**દૂત** : કાપડનો ટૂકડો પકડે.

**સૈનિકો**

**ઉદ્‌ઘોષક** : વાર્તા નો પ્રથમ ભાગ કલમ ૧-૧૦ પ્રમાણે કહે પછી બોલે રાજાના અધિકારીઓને સાંભળો

**રાજાના અધિકારીઓ :** મોટેથી બોલે રાજાએ દાનિયેલને ''અમારા કરતા પણ વધારે મહત્વનો બનાવ્યો છે''.

''આપણે તેનાથી છુટકારો મેળવીએ''

''તેના ઉપર કેવો દોષ મૂકીએ''

''તે ખોટુ કરતો નથી''

''દાનિયેલના ઈશ્વરની પ્રાર્થના વિરુદ્ધ રાજા કાયદો કરે''

**રાજા** : અમલદારોને કાગળ આપે છે '' ઠીક તમે જે ફકત કાયદો ચાહો છો તે આ રહ્યો દરેક જણે મારી જ પ્રાર્થના કરવી''

**દાનિયેલ** : ખૂરશી પર ચઢી બારી ખોલવાનો અભિનય કરે છે.ઘૂંટણે પડી બોલે છે ,ઈશ્વર હું દરરોજ કેવળ તમારી જ પ્રાર્થના અને વખાણ કરીશ.

**ઉદ્‍ઘોષક** : વાર્તાનો બીજો ભાગ કલમ ૧૧-૧૮ માંથી કહે. પછી બોલે રાજયાધિકારીઓને સાંભળો

**રાજાના અધિકારીઓ** : અરે રાજા દાનિયેલ હજુ પણ તેના ઈશ્વરની પ્રાર્થના કરે છે તમારે તેને સિંહોના બિલમાં નાખી દેવો જ જોઈએ.

**રાજા** : '' ના, હું આમ કરવા ઈચ્છતો નથી પણ આ તો કાયદો છે તેને સિંહોના બિલમાં નાંખી પ્રવેશદ્વારે પથ્થરો મુકો. અરે, હું બહું જ દુઃખી છું કંઈ ખાઈશ નહી અને આખી રાત ઉંઘીશ નહી.

**સૈનિકો** : દાનિયેલને સિંહોની મધ્યે નાખે છે.

**સિંહોઃ** ધુરકિયા કરે.

**ઉદ્‍ઘોષક** : વાર્તાનો ત્રીજો ભાગ કલમ -૧૦-૨૨ માંથી કહે. બોલે દૂતને સાંભળો

**દૂત** : સિંહનુ મોઢું કપડાથી બંધ કરી કહે '' સિંહો દાનિયેલને ઈજા કરશો નહી .

**સિંહો** : દાનિયેલની ચારે બાજુ ફરી નીચે પડી સૂઈ જાય છે.

**રાજા** : '' આખરે સવાર થયું '' દાનિયેલ તારા ઈશ્વરે તને બચાવ્યો ?


**ઉદ્‍ઘોષક** : કલમ ૨૩-૨૮ માંથી વાર્તા નો ચોથો ભાગ કહે બોલે રાજાનુ સાંભળો

**રાજા** : હું બહું જ ખુશ છું પેલા દુષ્ટ અધિકારીઓ ને પકડો તેમને સિંહોના બિલમાં નાખો હવે આપણે બધાએ દાનિયેલના ઈશ્વરની જ ભક્તિ કરવી.

**સૈનિકો** : અમલદારોને સિંહોની વચ્ચે બિલમાં નાંખે છે

**સિંહો** : અમલદારો પર હુમલો કરે

**ઉદ્‍ઘોષક** : શીખવવા મદદ કરવા દરેકનો આભાર માને



નાટકના પ્રદર્શન બાદ બાળકો દાનિયેલ અને તેની પ્રાર્થના વિષે ઉપરોક્ત સવાલો કરે.બાળકોને પૂછો વિશ્વાસપૂર્વક કરવામાં આવતી આપણી પ્રાર્થનાના બીજા ઉદાહરણો કયા છે.

સિંહનુ **ચિત્ર દોરો** અથવા બતાવો બાળકો આ મુજબ ચિત્ર દોરે આગામી ભજનસેવામાં આ ચિત્ર સભાસદોને દેખાડે અને દાખલા સાથે સ્પષ્ટ કરે કે આપણને ધિક્કારવામાં આવે છે છતાં આપણે પ્રાર્થનામાં વિશ્વાસનીય છીએ.



૨ થેસ્સા ૩ઃ૨ **મુખપાઠ કરો.**

**કાવ્ય** : ગીતશાસ્ત્ર ૫૭ : ૪,૫ અને ૬ ત્રણ બાળકો યાદ કરી ફરીથી બોલી જાય.

**પ્રાર્થના :** પ્રભુ તમે શકિતશાળી છો તમે સિંહોના મુખ બંધ કરી શકો છો. અમે હમેશા તમારો વિશ્વાસ કરીએ, ઘણી મુશ્કેલી હોવા છતા પણ અમે હમેશા તમને પ્રાર્થીએ અમારામાં ઘણી ખરાબ વાત બને તો પણ તમે સદાકાળના મૃત્યુથી અમને બચાવશો ઈસુના નામમાં આમેન

Copyright © 2004 by Paul Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net